# ગાંધીનગર સિવિલમાં ગત્ સપ્તાહમાં મેલેરીયાના ૫૧ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. છતા પણ સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. મે માસની આકરી ગરમીમાં પણ મેલેરીયાના દર્દીઓ આવતા હોસ્પિટલના ડોક્ટર પણ આશ્ચર્ય પામે છે. તા.૯ થી ૧૪ મે દરમિયાન મેલેરીયાના ૫૧ કેસ નોંધાયા છે. જયારે ગત્ વર્ષે આ સપ્તાહમાં મેલેરીયાના ૩૧ કેસ નોંધાયા હતા. જયારે ઝાડા-ઉલ્ટીના ૩૧ કેસ નોંધાયા છે, પરંતુ ગત્ વર્ષ કરતા ઝાડા-ઉલ્ટીના કેસમાં ઘટાડો નોંધાયો છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલની ઓપીડી વિભાગ દર્દીઓથી ઉભરાય રહ્યો છે. શહેરની હોસ્પટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે અત્યારે હાલના સમયે ગરમીના દિવસોમાં ઝાડા-ઉલ્ટીના કેસની સાથો સાથ મેલેરીયાના દર્દીઓમાં




પણ નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. મચ્છરજન્ય રોગચાળો નાથવા માટે તંત્ર દ્વારા તકેદારીના પગલા ભરવામાં આવે છે છતા પણ મેલેરીયા નગરમાં માથું ઉંચકી રહ્યો છે. શહેરની હોસ્પિટલમાં ગત્ તા.૯ થી ૧૪ મે દરમિયાન ૫૧ કેસ મેલેરીયાના નોંધાયા છે.જયારે ઝાડા-ઉલ્ટીના ૩૧ કેસ નોંધાયા છે.

જયારે ગત વર્ષે મે માસમાં ઝાડા-ઉલ્ટીના ૬૯ કેસ નોંધાયા હતા. જયારે ઝાડા-ઉલ્ટીના કેસમાં ઘટાડો નોંધાયો છે.જયારે મેલેરીયાના કેસમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. શહેરમાં સફાઈ અને ઠેરઠેર ગટરોના ગંદા પાણીને પગલે મચ્છરોનો ત્રાસ વધતા મેલેરીયાના કેસ વધતા જોવા મળ્યા છે. ગાંધીનગર શહેરમાં મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉંચકતા આરોગ્ય તંત્ર અને હોસ્પિટલના સતાધિશો પણ ચિંતિત નજરે પડ્યા છે. જયારે ઉનાળાની ગરમીમાં ચક્કર આવી જવા, પેટમાં દુખાવાની ફરિયાદો, બેભાન થઈ ઢળી પડવુ સહિતના કેસ પણ નોંધાયા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**તમે લોકોને કહી દો ... આવા વાઈરસ માટે અમારી પાસે ઘણાં ઉપાય છે... રેલી કરીશું, મેળા કરીશું, ટીવી અને રેડીયાના માધ્યમથી અમે સખત રીતે વાઈરસનો વિરોધ નોંધાવીશું...!!**

# ઈન્દ્રોડા પાર્કમાંથી પોલીસે દારૂ ઢીંચીને ટલ્લી થઈ ગયેલું યુગલ પકડ્યું

**રાત્રે ગોતાનું યુગલ ગાડીમાં લાઉડ મ્યુઝીક કરીને પાર્ટી કરતું હતું અને પોલીસ પહોંચી...!**

ગાંધીનગર, તા.૧૬

ઈન્દ્રોડા પાર્કમાં ગઈ રાત્રે એક ગાડીમાં લાઉડ મ્યુઝીક કરીને અમદાવાદ ગોતાનું યુગલ દારૂ ઢીંચીને ટલ્લી થયેલું પોલિસની ઝપટે ચઢી ગયું હતું. ઈન્ફોસીટી પોલિસે યુવક યુવતીને દારૂ પીધેલી હાલતમાં પકડી પાડી બંનેની સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર ઈન્ફોસીટી પોલિસ ગઈ રાત્રે પેટ્રોલીગમાં હતી તે દરમિયાન ઈન્દ્રોડા પાર્ક પાસે એક ગાડી પડેલી જોઈ હતી. જેમાં જોરશોરથી મ્યુઝિક વાગી રહ્યું હતું. પોલિસે ત્યાં જઈને તપાસ કરી તો એક યુવક અને યુવતી ગાડીમાં ટલ્લી થયેલી હાલતમાં બેઠા હતા. અને લાઉડ મ્યુઝીક કરી ઈન્જોય કરી રહ્યા હતા. ગોતાના સત્યમેવ વિસ્ટામાં રહેતા હિતેષ રમેશચંદ્ર મોડ અને ગોતાની મીનાક્ષી દામુભાઈ રાજપુત બંને યુવક યુવતીને પોલિસે પકડી પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. યુગલના બ્લડ સેમ્પલ લઈ આલ્કોહોલ ટેસ્ટ માટે એફએસએલ મોકલવામાં આવ્યા છે. ઈન્ફોસીટી પોલીસ મથકના એએસઆઈ લક્ષ્મણસિંહે આ મામલે વધુ તપાસ શરુ કરી છે.



## એલસીબીની ટીમે વિરાતલાવડીમાં દરોડો પાડી દારૂ ઝડપ્યો

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની એક ટીમ ડભોડા પોલિસ સ્ટેશનની હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહને બાતમી મળી હતી કે વિરા તલાવડી ગામમાં રહેતા મેલાજી ભલાજી ઠાકોરના ઘરમાં દારૂ-બિયરનો જથ્થો ભરેલો છે. તેને આધારે ટીમે દરોડો પાડી તપાસ કરતા મકાનમાં મેલાજી ઠાકોર મળી આવ્યો ન હતો પરંતુ મકાનમાંથી વિદેશી દારૂ અને બિયરની કુલ રૂ. ૧૦૭૦૦ની કિંમતની ૩૭ નંગ બોટલો મળી આવી હતી. એલસીબીની ટીમે દારૂ-બિયરનો જથ્થો જપ્ત કરીને ડભોડા પોલિસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરાવી આરોપીને પકડી પાડવા તજવીજ શરુ કરી છે.



જેસીઆઈ ગાંધીનગર દ્વારા ટ્રેઈન યોર બ્રેઈન ટ્રેનીંગનું આયોજન તાજેતરમાં સે-૨૫ કલ્પતરૂ લર્નીંગ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૪૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં બાળકોને બ્રેઈન યોગા સહિત વિવિધ રમતો રમાડવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા જેસીઆઈના સૌ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# પંચાયતના ૧૩ જુનિયર કલાર્કને સિનીયર કલાર્ક તરીકે બઢતી અપાઈ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા ૧૩ જેટલા જુનિયર કલાર્કને સીનીયર કલાર્ક તરીકેની બઢતીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતમાં છેલ્લા ઘણા સમયથી બઢતીનો મુદ્દો અટવાયેલો હતો. આ મુદ્દે કર્મચારી મંડળે પણ રજુઆત કરી હતી. પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ પરીક્ષા બાદ પંચાયતે જુનિ. કલાર્ક ટુ સિની. કલાર્કની બઢતીના હુકમો જારી કરતાં પંચાયત સંકુલમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

જેમનો બઢતી અપાઈ છે તેમાં એસ.પી. ચૌહાણ, એમ.આર.નાયક, એમ.બી. પટેલ, એ.એમ. વાઘેલા, બી.કે. પટેલ, સી.પી. પારેખ, એ.જે. જોશી, વિપુલ પટેલ, શ્રીમતી એમ.આર. નાગર, એચ.આર. રાવલ, આર.એસ. પટેલ, જે.પી. ચૌધરી અને ડી.કે. પટેલનો સમાવેશ થાય છે.

# ચિલોડા ખાતે ગાંધીનગર જિલ્લા ભારતીય યુવા મોરચા દ્વારા છાશ અને ઠંડા પાણીનું વિતરણ

ચિલોડા, તા.૧૬

જનસેવા એજ પ્રભુસેવાના મંત્રને સાકાર અને ચરિતાર્થ કરવા કાળઝાળ ગરમીમાં પ્રજાને ગરમીમાં



રાહત મળે તેવા આશયથી ગાંધીનગર જિલ્લા ભારતીય યુવા મોરચા દ્વારા છાશ અને પાણી વિતરણ અભિયાન કાર્યક્રમ અંતર્ગત છાશ અને પાણીનું વિતરણ ચિલોડા જૂના પોલિસ સ્ટેશન નજીક કરવામાં આવ્યું હતું. જેમાં ચિલોડા વિસ્તારમાં હિંમતનગર, અમદાવાદ, દહેગામ, સાદરા, ગાંધીનગર માર્ગ પરથી પસાર થતા અસંખ્ય મુસાફરો તથા બજારના મોટા ભાગના લોકોએ છાશ અને પાણીનો લ્હાવો લીધો હતો.

આ કાર્યક્રમમાં ગાંધીનગર ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા તાલુકાના વિજેન્દ્રસિંહ વાઘેલા, જિલ્લા મહામંત્રી આઈ.બી.વાઘેલા, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી કાળુસિંહ રાઠોડ, જિલ્લા સહકારી સંઘના ચેરમેન કોદરભાઈ પટેલ, સર્વે યુવા મોરચાના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા અને છાશ અને ઠંડા પાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પદે ડૉ. હિમાંશુ પંડ્યાની વરણી

**રાજકીય બેકગ્રાઉન્ડ ધરાવતા ડો. પંડયાની નિમણૂંક ફિકસ જ હતી : નિમણૂંકની પ્રક્રિયા ઔપચારિકતા માત્ર હતી**

અમદાવાદ, તા.૧૬

રાજય સરકાર દ્વારા ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે આખરે ડો.હિમાંશુ પંડયાની નિમણૂંક કરી દેવાઈ છે. સરકારે આજે આ અંગેની સત્તાવાર અને વિધિવત્ જાહેરાત કરી હતી. જો કે, ડો.હિમાંશુ પંડયાનું નામ કુલપતિ તરીકે ફિક્સ જ હતું, માત્ર ઔપચારિકતા જ બાકી હતી અને આજે આખરે ઘીના ઠામમાં ઘી ઢળી ગયુ ને, ઈન્ચાર્જ કુલપતિ તરીકેનો કાર્યભાર સંભાળતાં ડો.હિમાંશુ પંડયાને કુલપતિ તરીકેનો સત્તાવાર કાર્યભાર સોંપી દેવાયો છે. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો.એમ.એન.પટેલનો કાર્યકાળ તા.૨૨-૨-૨૦૧૭ના રોજ પૂર્ણ થઈ ગયો હતો. રાજયપાલ દ્વારા યુજીસી એકટ હેઠળ ત્રણ સભ્યોની પેનલ બનાવવાની હોય છે અને તેની ભલામણના આધારે વાઈસ ચાન્સેલરની નિમણૂંક કરવાની હોય છે પરંતુ હજુ સુધી ગુજરાત યુનિવર્સિટીના આટલા મહત્વના પદ પર કોઈ નિમણૂંક કરાઈ ન હતી અને ડો.હિમાંશુ પંડયા ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર તરીકે નિયુકત કરાયા હતા. યુનિવર્સિટીમાં કુલપતિની નિમણૂંક તાત્કાલિક અસરથી કરવા દાદ માંગતી જાહેરહિતની રિટ પણ થોડા સમય પહેલાં જ ગુજરાત હાઈકોર્ટમાં થઈ હતી. જેમાં હાઈકોર્ટનું ધ્યાન દોરાયું હતું કે, ડો.હિમાંશુ પંડયા ભાજપના પ્રવકતા ભરત પંડયાના સગાભાઈ થાય છે અને રાજકીય બેકગ્રાઉન્ડ ધરાવે છે. તા.૧૦-૧-૨૦૧૭થી રાજય સરકારના સત્તાવાળાઓ સમક્ષ આ સમગ્ર મામલે રજૂઆત કરવા છતાં ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની જગ્યા ભરવા કે તેની સત્તાવાર નિમણૂંક સંબંધી કોઈ કાર્યવાહી સરકાર દ્વારા હાથ નહી ધરાતાં અરજદારને આખરે ગુજરાત હાઈકોર્ટમાં આ જાહેરહિતની રિટ અરજી કરવાની ફરજ પડી હોવા બાબતે રજૂઆત થઈ હતી. આ કેસની સુનાવણી જૂન માસમાં છે તે પહેલાં આજે રાજય સરકારે કાનૂની વિવાદથી બચવાના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે ડો.હિમાંશુ પંડયાની સત્તાવાર નિમણૂંક કરી દીધી હતી અને તેની જાહેરાત કરી હતી. શિક્ષણ જગતના સૂત્રોનું માનીએ તો, ડો.હિમાંશુ પંડયા રાજકીય બેકગ્રાઉન્ડ ધરાવતા હોઈ અને ભાજપના માનીતા હોઈ તેમની નિમણૂંક પહેલેથી જ નક્કી હતી. સર્ચ કમીટીની બેઠક અને સરકારમાં નામો મોકલવાની સમગ્ર પ્રક્રિયા માત્ર ઔપચારિકતા જ હતી. વળી, છેલ્લા પંદર દિવસથી પણ જે પ્રમાણે યુનિવર્સિટીના નિર્ણયો થતા હતા તે જોતાં પણ ઈન્ચાર્જ કુલપતિ ડો.હિમાંશુ પંડયાને વિધિવત્ કુલપતિ ઘોષિત કરાય તે વાતના સંકેત મળતા હતા.

# વધુ બે શાળાઓએ વિદ્યાર્થીને આરટીઈ હેઠળ પ્રવેશ ન આપ્યો

અમદાવાદ, તા.૧૬

રાઈટ ટુ એજયુકેશન (આરટીઈ) એકટ હેઠળ શહેરમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવણી પૂર્ણ થયા બાદ વાસ્તવિક પ્રવેશના તબક્કે વાલીઓને હવે નવી મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે. શહેરની વધુ બે શાળાઓ શાહીબાગ ખાતેની જ્ઞાનોદય અને વિરાટનગરની સેન્ટ માર્ક સ્કૂલ સત્તાવાળાઓએ તેમની સ્કૂલમાં ફાળવાયેલા વિદ્યાર્થીઓને આરટીઈ હેઠળ પ્રવેશ આપવાનો સાફ ઈનકાર કરી દીધો છે. જે વિદ્યાર્થીઓને પ્રવેશ ના અપાયો તેમના વાલીઓએ આ સમગ્ર મામલે ડીઈઓ ઓથોરીટીને ફરિયાદ કરતાં સત્તાવાળાઓએ શાળા સંચાલકો વિરૂધ્ધ જરૂરી તજવીજ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાઈટ ટુ એજયુકેશન એકટ અંતર્ગત ધોરણ-૧ માં પ્રવેશ માટેની કાર્યવાહી પૂર્ણ થયા બાદ તા.૧૫ મેથી તા.૨૫ મે દરમ્યાન શાળાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે આદેશ અપાયા હતા. જો કે, વાલીઓ જયારે સ્કૂલમાં પ્રવેશ માટે ગયા શહેરની કેટલીક સ્કૂલોમાં તેઓને કડવો અનુભવ થયો હતો. ગઈકાલે જ મણિનગરની પ્રગતિ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને આરટીઈ હેઠળ પ્રવેશ આપવાનો ઈનકાર કરાયાની ઘટનામાં હજુ ડીઈઓ સત્તાવાળા કોઈ કાર્યવાહી કરવાનું વિચારે તે પહેલાં આજે શહેરની શાહીબાગ વિસ્તારની જ્ઞાનોદય અને વિરાટનગરની સેન્ટ માર્ક સ્કૂલમાં વિદ્યાર્થીઓને આરટીઈ હેઠળ પ્રવેશ આપવાનો ઈનકાર કરી દેવાયો હતો.

**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં. ૧ સને ૨૦૧૭-૧૮**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, મોડાસા સિંચાઈ પેટા વિભાગ, મોડાસા, જી. અરવલ્લીની કચેરી દ્વારા રસ ધરાવતા ઈ-૨ અને ઉપરના વર્ગના રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી મેશ્વો જલાગાર યોજના અંતર્ગત અંદાજી રકમ રૂ. ૨.૯૮ લાખના એક કામ માટે માત્ર રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી ભાવો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા. ૨૨/૫/૨૦૧૭ તથા ભાવો ભરેલ ભાવપત્રક પરત લેવાની છેલ્લી તા. ૨૬/૫/૨૦૧૭ રાખવામાં આવેલ છે. કામની વધુ વિગતો કચેરીમાં તથા વેબસાઈટ www.statetenders.com પર જોઈ શકાશે.

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૯૯/૨૦૧૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેકટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in